ઓક્ટોબર ૨૦૦૯ દાદા ભગવાન પરિવારનું કિંમત રૂ. ૧૨/-

હેપી દિવાળી

# અક્રમ એક્સપ્રેસ



બાળમિત્રો,

અત્યારે તો દિવાળીનું વેકેશન ચાલી રહ્યું છે એટલે બધા મજા કરી રહ્યા હશો, ખરું ને ? રજાની મજા તો કંઈ ઓર જ હોય ને ! ખાવાનું, પીવાનું, ઊંઘવાનું, રમવાનું, હરવા-ફરવાનું... બસ. આનંદ જ આનંદ. અલબત્ત, આમાં પૂજ્ય દાદાશ્રીએ આનંદ બીજી કઈ રીતે પ્રાપ્ત થાય તેમ જ જીવનમાં સુખી થવાની સુંદર ચાવીઓ આપી છે. જે જાણવા જેવી છે. તો ચાલો, આપણે આ નવી સમજણને સમજીએ અને આ વેકેશનમાં એનો પ્રયોગ કરી વેકેશનને નવી જ રીતે ગાળીએ.

આ અંક અમે તમારી રજા અને તમારી મજાને ધ્યાનમાં લઈને જ બનાવ્યો છે. હા, જ્ઞાન સાથે ગમ્મત.આશા છે આ અંક તમારા આનંદમાં ચોક્કસ વધારો કરશે.

તમને બધાને દિવાળી તેમજ નવા વર્ષની ખૂબ ખૂબ શુભેચ્છાઓ.

– ડિમ્પલ મહેતા.

**અક્રમ એક્સપ્રેસ**

# રજા.. એ મજા..

## અનુક્રમણિકા


દાદાજી કહે છે...................... ૧
બીજાને આપવાનો આનંદ......... ૨
પાછી પરીક્ષા....................... ૫
બોનીની શોધ....................... ૬
શોધી કાઢો......................... ૯
મીઠી યાદેં..........................૧૦
બાળકો સાથે પૂજ્યશ્રી
હળવી પળોમાં.............૧૧
ઐતિહાસિક ગૌરવગાથાઓ....... ૧૨
ચાલો રમીએ...................... ૧૪
ચિત્રકળા સ્પર્ધાનું પરિણામ....... ૧૬
પઝલના જવાબો.................. ૧૭
સીમંધર સીટીના અનુભવો....... ૧૮



**તંત્રી તથા સંપાદક :**
ડિમ્પલભાઈ મહેતા
વર્ષ : ૨, અંક : ૨
સળંગ અંક : ૧૪
**ઓક્ટોબર ૨૦૦૯**



**સંપર્ક સૂત્ર :**
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org

**અમદાવાદ:** (૦૭૯)
૨૭૫૪૦૪૦૮,૨૭૫૪૩૯૭૯
**રાજકોટ ત્રિમંદિર :** ૯૨૭૪૧૧૧૩૯૩
**વડોદરા :** (૦૨૬૫) ૨૪૧૪૧૪૨
**મુંબઈ :** ૯૩૨૩૫૨૮૯૦૧-૦૩
**U.S.A.**: ૭૮૫-૨૭૧-૦૮૬૯
**U.K.**: ૦૭૯૫૬૪૭૬૨૫૩
**Website:** kids.dadabhagwan.org



**Publisher,Editor & Printed,**
**Published from**
**Dimplebhai Mehta on behalf of**
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

**Print at:-**
**Amba Offset**
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૪૫૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
**D.D. / M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.




# દાદાજી કહે છે



## દાન એટલે જ સુખ આપવું

દાન એટલે બીજા કોઈ પણ જીવને, મનુષ્ય હોય કે બીજા પ્રાણી હોય તેમને સુખ આપવું, એનું નામ દાન. અને બધાને સુખ આપ્યું એટલે એનું 'રીએક્શન'(પ્રતિક્રિયા) આપણને સુખ જ આવે. તમે દાન આપતા હોય તો તમને અંદર સુખ થાય. પોતાના ઘરના રૂપિયા આપો છતાં સુખ થાય, કારણ કે સારું કામ કર્યું. સારું કામ કરે એટલે સુખ થાય અને ખરાબ કામ કરે તે ઘડીએ દુઃખ થાય. એના ઉપરથી આપણને ઓળખાય કે ક્યું સારું ને ક્યું ખોટું ?

## આનંદ પ્રાપ્તિના ઉપાય

દાદાશ્રી : માનસિક શાંતિ જોઈતી હોય તો આપણી ચીજ બીજાને ખવડાવી દેવી. કાલે આઈસ્ક્રીમનું પીપડું (ડ્રમ) ભરીને લાવજે અને આ બધાંને (મહાત્માઓને) ખવડાવજે. તે ઘડીએ કેટલો બધો આનંદ થાય છે તે તું મને કહેજે. આ લોકોને કંઈ આઈસ્ક્રીમ ખાવો નથી પણ તું શાંતિનો અખતરો કરી જો. એવી રીતે કોઈ જાનવર હોય, આ વાંદરા હોય, તેમને ચણા નાખ નાખ કરે તો તે કૂદાકૂદ કરે, ત્યાં તારા આનંદનો પાર નહીં રહે. એ ખાતાં જશે અને તને આનંદનો પાર નહીં રહે. આ કબૂતરાંને તું ચણ નાખે તે પહેલાં કબૂતરાં આમ કૂદાકૂદ કરવાં માંડે. અને તેં નાખ્યું, તારી પોતાની વસ્તુ તે બીજાને આપી કે મહીં આનંદ શરૂ થઈ જાય. હમણે કોઈ માણસ રસ્તામાં પડી ગયો અને એનો પગ ભાંગી ગયો અને લોહી નીકળતું હોય, ત્યાં તું તારો રૂમાલ કાઢીને બાંધું તે વખતે તને આનંદ થાય. ભલેને પચ્ચીસ રૂપિયાનો રૂમાલ હોય, તે કાઢીને તું બાંધે તે ઘડીએ તને ખૂબ આનંદ થાય.

હવે કેટલાં પ્રકારના દાન છે એવું જાણો છો તમે ? ચાર પ્રકારનાં દાન છે. જો એક આહારદાન, બીજું ઔષધદાન, ત્રીજું જ્ઞાનદાન અને ચોથું અભયદાન.

## પહેલું આહારદાન

પહેલા પ્રકારનું દાન છે તે અન્નદાન. કોઈ માણસ આપણે ઘેર આવ્યો હોય, તે કહે, 'કંઈક મને આપો, હું ભૂખ્યો છું' ત્યારે કહીએ, 'બેસી જા, અહીં જમવા. હું તને કંઈક ખાવાનું આપું.' એ આહારદાન.

## ઔષધદાન

બીજું ઔષધદાન. એ આહારદાનથી ઉત્તમ ગણાય. સાધારણ સ્થિતિનો માણસ હોય, તે માંદો પડ્યો ને દવાખાનામાં જાય એટલે ત્યાં આગળ કોઈ કહેશે કે, 'અરે, ડૉક્ટરે કહ્યું છે પણ દવા લાવવાના પચાસ રૂપિયા મારી પાસે નથી. એટલે દવા શી રીતે લાવું ?' ત્યારે આપણે કહીએ કે 'લે આ પચાસ રૂપિયા દવાના અને દસ રૂપિયા બીજા. અગર તો આપણે પૈસા ખર્ચીને ઔષધ લાવીને એને ફ્રી કોસ્ટ (મફત) આપીએ તો એ ઔષધદાન.

## ઊંચું જ્ઞાનદાન

પછી એનાથી આગળ જ્ઞાનદાન કહ્યું. જ્ઞાનદાનમાં પુસ્તકો છપાવવાં, લોકોને સમજણ પાડી સાચા રસ્તે વાળે અને લોકોનું કલ્યાણ થાય એવાં પુસ્તકો છપાવવાં એવું તેવું એ જ્ઞાનદાન. જ્ઞાનદાન આપે તો સારી ગતિમાં, ઊંચી ગતિમાં જાય અગર તો મોક્ષે પણ જાય.

## ઊંચામાં ઊંચું અભયદાન

અભયદાન એટલે કોઈ જીવને કિંચિત્‌માત્ર દુઃખ ના થાય એવા ભાવ પહેલાં રાખવા અને પછી એ વર્તનમાં આવે. ભાવ કર્યા હોય તો વર્તનમાં આવે પણ ભાવ જ ના કર્યા હોય તો ? એટલે આને ભગવાને મોટું દાન કહ્યું. એમાં પૈસાની કોઈ જરૂર નથી. ઊંચામાં ઊંચું દાન જ આ છે.

**માટે રોજ સવારે પાંચ વાર ભાવના ભાવવી કે,**
**'મારા મન, વચન, કાયાથી કોઈ જીવને**
**કિંચિત્ માત્ર પણ દુઃખ ન હો, ન હો, ન હો.'**

# બીજાને આપવાનો આનંદ



દિવાળી વેકેશન નજીકમાં જ હોવાથી બધા બહુ ખુશ હતા. ક્લાસમાં બધા વેકેશનમાં શું શું કરવાના છે, એના વિશે ચર્ચાઓ કરતા હતા.

પૂર્વીએ આનંદથી ઊછળતા કહ્યું, ''આ દિવાળીમાં અમે ગોવા ફરવા જવાના છીએ.''

ત્યાં તો કૃતિ બોલી, ''મારી મમ્મીએ ખૂબ સ્વાદિષ્ટ નાસ્તા બનાવ્યા છે.''

''મારા પપ્પા મારા માટે ઘણા બધા ફટાકડા લાવ્યા છે.'' અમુલે જોરથી કહ્યું.

સપના એમાં ઉમેરો કરતાં બોલી, ''આ દિવાળીમાં હું અને મારી બેન ઘણાં નવા કપડાં ખરીદવા જવાના છીએ.''

કાજલે આ ચર્ચામાં ભાગ નહોતો લીધો. એ હંમેશની જેમ શાંતિથી બધાની વાતો સાંભળતી હતી. કોઈએ એના પ્લાન વિશે જાણવાની કે પૂછવાની પરવા પણ ન કરી.

કાજલના સહાધ્યાયીઓ ભાગ્યે જ એની હાજરીને ગણતા. એ એના ક્લાસમાં સૌથી શાંત છોકરી હતી. એ ત્યારે જ કંઈક કહેતી જ્યારે એને પૂછવામાં આવતું. અને એ પણ એકદમ ધીમા અવાજે બોલતી. એના ક્લાસ ટીચરે પણ એને બોલતી કરવાના પ્રયત્નો કર્યા હતા પણ તે બધા વ્યર્થ ગયા હતા.

રશ્મિ ટીચર ક્લાસમાં પ્રવેશ્યા ત્યાં સુધી ચર્ચાઓ ચાલતી હતી. ક્લાસમાં ખૂબ કોલાહલ હતો. બધા વાતોમાં તલ્લીન હતા તેમ જ બધાના મોઢા પર અનેરો ઉલ્લાસ હતો, જે ભાગ્યે જ જોવા મળતો. એવું લાગતું હતું કે જાણે બધા હવે ભણવાથી કંટાળ્યા છે અને વેકેશનની કાગડોળે રાહ જોઈ રહ્યા છે. રશ્મિ ટીચરે આ બધું નોંધ્યું.

એમણે વિદ્યાર્થીઓને સંબોધતા કહ્યું, ''બાળકો, આજે એક સરસ મજાની વાત તમારી સાથે કરવાની

છે. મને ખબર છે, તમે બધા દિવાળીના વેકેશનની રાહ જોઈ રહ્યા છો. દર વર્ષની જેમ આ વર્ષે પણ તમે બધા ફટાકડા ફોડીને, મીઠાઈઓ ખાઈને, નવી ખરીદી કરીને અને બહાર ફરવા જઈને દિવાળીના પર્વને ઊજવશો. પણ તમને ખબર છે ? આપણી આજુબાજુ એવાં કેટલાય બાળકો છે જેમને તમારા બધાની જેમ ખુશીથી દિવાળી માણવા નથી મળતી. આપણી શાળાએ એવા જરૂરિયાતમંદ બાળકોને મદદ કરવાનું નક્કી કર્યું છે. તમે એ બાળકો માટે મીઠાઈઓ, કપડાં તથા ભેટસોગાદો આપી એમને મદદ કરી શકો છો અને એમની દિવાળી આનંદમય બનાવી શકો છો. તો ચાલો, આ વખતે આપણે દિવાળીના પર્વને એક નવી રીતે ઊજવીએ. આપણે આવતી કાલથી ફાળો ઊઘરાવવાનું શરૂ કરીશું. બધાને ગમ્યું?'' રશ્મિ ટીચરની નજર આખા ક્લાસ તરફ ફરી વળી. બધાએ ઉત્સાહભેર 'હા' પાડી.

બીજા દિવસે રશ્મિ ટીચરનો પિરીયડ પૂરો થયા બાદ એમણે ફાળો આપવા માટે બધાને બોલાવ્યા. પણ આ શું? કાજલ સિવાય બધા જ ફાળો લાવવાનું ભૂલી ગયા હતા. કાજલે ખિસ્સામાંથી સો રૂપિયાની નોટ કાઢી ફાળા માટે આપી અને શાંતિથી પોતાની જગ્યાએ બેસી ગઈ.

સ્કૂલ પૂરી થયા બાદ ક્લાસમાંથી મળેલ ફાળો લઈ રશ્મિ ટીચર પ્રિન્સિપાલ પાસે ગયા. પોતાના ક્લાસમાંથી ફક્ત રૂ/. ૧૦૦ જેટલી નાનકડી રકમ ભેગી થયા બદલ એ સંકોચ અનુભવતા હતા. એમને આ રકમ માત્ર એક જ વિદ્યાર્થીની કાજલ પાસેથી મળી છે



તે જણાવ્યું.

પ્રિન્સિપાલે પૂછ્યું, ''શું તમે કાજલ પંડ્યાની વાત કરો છો?''

રશ્મિ ટીચરે જવાબ આપ્યો, ''હા, કાજલ પંડ્યા. એ ખૂબ શાંત અને શરમાળ છોકરી છે.''

પ્રિન્સિપાલ સાહેબ કાજલના કુટુંબ વિશે બધું જ જાણતા હતા. એમણે કહ્યું, ''ખરેખર તો જે લોકોને આ ફાળાની જરૂર છે એમાં કાજલના કુટુંબનો પણ સમાવેશ થઈ શકે છે. પણ કાજલનું કુંટુંબ એટલું ખાનદાની છે કે તેઓ આ પ્રકારની કોઈ સહાયતા સ્વીકારશે નહીં.'' પ્રિન્સિપાલ સાહેબની વાત રશ્મિ ટીચરને બહુ સ્પર્શી ગઈ.

દિવાળીના વેકેશન દરમ્યાન તેઓ કાજલના ઘરે એને શુભેચ્છા પાઠવવા ગયા. ત્યાં એમને કાજલની બહેન દ્વારા ખબર પડી કે છેલ્લા એક વર્ષથી કાજલ દિવાળી પર પોતાના માટે નવા ચંપલ ખરીદવા માટે પૈસા બચાવતી હતી.

રશ્મિ ટીચરે કાજલને, છેલ્લા ઘણા સમયથી પોતાના માટે બચાવેલા પૈસા ફાળામાં આપી દેવાનું કારણ પૂછ્યું. કાજલે જવાબ આપ્યો, ''મને ખબર છે કે નવા ચંપલ લાવીને હું ખૂબ ખુશ થાત, પણ જો આ પૈસા જરૂરિયાતવાળા બાળકો માટે વપરાય તો તેઓને મારા કરતા વધારે ખુશી મળશે. એમ વિચારી મે પૈસા ફાળામાં આપી દીધા.''

રશ્મિ ટીચર કાજલના ચહેરા પર ખુશી જોઈ શકતા હતા. કાજલે કહ્યું, ''અને તમને ખબર છે? જ્યારથી મેં પૈસા બીજા માટે વાપર્યા છે ત્યારથી મારો આનંદ ઉભરાતો જ જાય છે. પહેલી વાર મને અનુભવ થયો કે બીજા માટે વાપરવામાં આટલો બધો આનંદ મળે છે.''

આ સાંભળી રશ્મિ ટીચર કાજલને ભેટી જ પડ્યા. બીજા દિવસે તેઓ કાજલને દિવાળી ગીફ્ટ આપી ગયા. કાજલે ગીફ્ટ ખોલીને જોયું તો એમાં નવા ચંપલ હતા.





# પાછી પરીક્ષા !!!

પરીક્ષામાં વાંચી વાંચીને તમારી યાદશક્તિ પાવરફુલ થઈ ગઈ હશે. ચાલો તમારી યાદશક્તિ ચકાસીએ. આશા છે તમે અત્યાર સુધીના બધા જ અંકો વાંચ્યા હશે અને ગમ્યા પણ હશે. નીચેના વાક્યો અત્યાર સુધીમાં પ્રકાશિત થયેલા અંકોમાંથી લેવામાં આવ્યા છે. તમારે ખાલી જગ્યા પૂરવાની છે. દરેક વાક્યોની અંતમાં આ વાક્ય કયા અંકમાંથી લેવામાં આવ્યું છે એ અંકનું નામ આપ્યું છે. તો તૈયાર?

## ઑલ ધી બેસ્ટ

૧) પરોપકાર એટલે ...........ને ય પારકા માટે વાપરવાનું, .............યે પારકા માટે વાપરવાની અને ........... પણ પારકા માટે વાપરવાનું ! - પરોપકાર

૨) સાચો પ્રેમ, જે ........... નહીં, ........... નહીં એ ! - સાચો પ્રેમ

૩) ................. એટલે મૂરખ બનાવવાનો ધંધો. - ચમત્કાર

૪) ................ની ભૂલો જોવાથી જ્ઞાન ગ્રહણ કરવાની શક્તિ નબળી થતી જાય. - રસ્તો દેખાડે એ ગુરુ

૫) રિસાવામાં તદ્દન ........... છે. એ વેપાર જ તદ્દન ખોટનો છે. બહુ મોટું નુકસાન છે આ તો. - રિસાવું, સજા કે મજા?

૬) જેની ................ કરીએ એના જેવો એક અવતાર આપણે પણ કાઢવો પડે, આવો નિયમ જ છે ! - મશ્કરીના જોખમો

૭) આપણને જેવું ગમે છે એવું બીજા સાથે કરવું. .....................માં આવવાથી મનુષ્યગતિ પ્રાપ્ત થાય. - માનવધર્મ

૮) ...................ના દિવસે દાદા કેવળજ્ઞાન સ્વરૂપે જ હોય. એ દિવસના દાદનાં દર્શન અલૌકિક જ હોય છે. દરેક મહાત્મા જોડે દૃષ્ટિથી દૃષ્ટિ મેળવી દર્શન દેતા. - દાદા સ્પેશિયલ જન્મજયંતી

૯) ક્રોધમાં ........... હોય તેને જ ક્રોધ કહેવાય. - ક્રોધ

૧૦) દાદા, નીરુમાની કૃપા અને દેવ-દેવીઓના રક્ષણ અને આશીર્વાદથી આ ભવ્યાતિભવ્ય દાદાનો .................... મહોત્સવ ખૂબ જ આનંદ-ઉલ્લાસ સાથે ઉજવાયો. - ૧૦૧મી જન્મજયંતી હાઈલાઈટ્સ


૧૧) કોઈએ ચા પાઈ હોય તો ઉપકાર ભૂલાય નહીં, તો આપણે ................. નો ઉપકાર તો ભૂલાય જ શી રીતે? - ઉપકાર મા-બાપ તણા

૧૨) .................નું એટલે એનો મતલબ સહન કરવાનું નથી. સહન કરવાનું તો શીખશો જ નહીં. સહન કરવું એટલે ............. દબાવવી.
- અથડામણ ટાળો.

૧૩) .................થી ઊંચો ચડી જાય એને કુદરત મારી મારીને ઠેકાણે લાવે.
- અભિમાન


૧૪) ................... એટલે શું ? કોઈ પણ પરિસ્થિતિમાં ગોઠવાઈ જાય.
- એડજસ્ટ અવરીવ્હેર





# બોનીની શોધ

બોની એક ટીંગુ સસલું હતું. ટીંગું (ઠીંગણું)હોવાનું એને દુ:ખ રહેતું. એ આખો દિવસ વિચારતું કે હું લાંબો કેવી રીતે બનું ? જે લાંબા છે એ કેવી રીતે થયા હશે, એ જાણવાની એને ઈચ્છા થઈ. આમ વિચારી એ શાહમૃગ પાસે ગયો, જે દુનિયાનું લાંબામાં લાંબુ પક્ષી છે.






બોનીએ શાહમૃગની નકલ કરી. પણ એનું ગળું દુ:ખવા લાગ્યું અને એક ઈંચ પણ એની લંબાઈ વધી નહીં. તેથી તે જિરાફ પાસે ગયો.




બોની માટે કાંટાવાળા ઝાડની ટોચ પર પહોંચવાનું અશક્ય હતું. તેથી એણે ઝાડ ઉપર ચડવાનું નક્કી કર્યું. ઝાડના અણીદાર કાંટાએ બોનીની ચામડીને ચીરી નાખી અને લોહી નીકળવા લાગ્યું. એ બહુ દુ:ખી હતો. કારણ એની એક ઈંચ પણ લંબાઈ વધી નહીં.
શાહમૃગ અને જિરાફ તો મને મદદ ના કરી શક્યા. મારે કોઈ સમજદાર પાસે જવાની જરૂર છે. તેથી એ ઘુવડ પાસે ગયો.
શું તમે મને કહી શકો છો લાંબા કેમ થવાય ?
પહેલા મને કહે, તને લાંબા કેમ થવું છે ?
મને એવું લાગે છે કે લાંબા થવાથી હું કોઈ પણ લડાઈ (ઝઘડા)માં જીતી જઈશ.
એવા તારા કેટલા ઝઘડા થાય છે, એ તો કહે.
ઓહ, વધારે નહીં. મારો કોઈની સાથે એક પણ ઝઘડો થયો હોય એવું મને યાદ નથી આવતું. પણ જો હું લાંબો હોઉં તો બધા મને વધારે માન આપે.


શું હમણાં કોઈ તારો અનાદર કરે છે ?
ના.
શું એવું કોઈ કામ છે જે તું તારી લંબાઈ વધે તો જ કરી શકે અને અત્યારે નથી કરી શકતો?
ના, મને ગળાને જમીન સુધી ખેચવાની કે કાંટાવાળા ઝાડના પાન ખાવાની જરૂર પડવાની જ નથી.
અને કહે, હમણાં તું એવું શું શું કરે છે જે લાંબા થવાથી ન કરી શકત ?
અત્યારે હું ખિસકોલી, ઉંદર, બેબી જિરાફ, નાના હરણાં સાથે રમીને એમને ખૂબ હસાવું છું અને મજા કરાવું છું. જે લાંબા પ્રાણીઓ નથી કરી શકતા. મને પણ એમાં ખૂબ મજા આવે છે.
આ સાંભળી ઘુવડના મોઢા પર હાસ્ય ફરક્યું. આ જોઈ બોનીને પોતામાં રહેલી શક્તિનો ખ્યાલ આવ્યો. એ દિવસથી એ પોતાની જાતને જેમ છે તેમ ખુશીથી સ્વીકારવા લાગ્યો.


# શોધી કાઢો



## ૧૦ તફાવત શોધો.



**તમને ખબર છે અંગ્રજીમાં ૧ થી ૧૦ આંકડા કેવી રીતે શોધાય છે?**
**જવાબ ઘણો સરળ છે. એમાં બનતાં ખૂણાના આધારે શોધાયા છે. ચાલો જોઈએ.**






અડાલજના સત્સંગ હોલમાં એક વખત ભાઈઓની શિબિર ચાલુ હતી. હવે ભાઈઓની શિબિરમાં બહેનો તો ન જ જઈ શકે ને ! હોલના ગેટ પાસે નવા વોચમેનને બેસાડ્યો હતો અને એને કહેવામાં આવ્યું હતું કે કોઈ પણ બહેનને અંદર આવવા દેવાનું નથી.

ભાઈઓનો સત્સંગ પૂજ્ય દિપકભાઈ લઈ રહ્યા હતા. થોડી વારમાં પૂજ્ય નીરુમા ભાઈઓને દર્શન આપવા હોલમાં આવ્યા. વોચમેન બિચારો સાવ નવો હતો. એ નીરુમાને ઓળખતો ન હતો અને જોયા પણ ન હતા. કુદરતી એ વખતે નીરુમા એકલા જ હતા. સાથેના સેવાર્થી ભાઈઓ કંઈક વસ્તુ લેવા ગયા હતા. વોચમેને નીરુમાને અંદર જતા રોકયા. નીરુમાએ વોચમેનને વિનંતી કરતા કહ્યું, ''દો હી મિનિટમેં હમ વાપસ આતે હૈં, હમ કો જાને દો.'' વોચમેને કડક શબ્દોમાં કહ્યું, ''નહીં, હમેં ઉપર સે ઓર્ડર આયા હૈં, કોઈ લેડીઝ કો અંદર નહીં જાને દેના હૈં.'' આમ નીરુમા એને વિનંતી કરતા હતા અને એ કડક શબ્દોમાં નીરુમાને ના પાડતો હતો.

એટલામાં એક મહાત્મા ત્યાંથી પસાર થયા. નીરુમાને જોઈને એ ભાવવિભોર થઈ ગયા. અને 'જય સચ્ચિદાનંદ નીરુમા' કહી એમના પગમાં પડી ગયા. 'નીરુમા' શબ્દ સાંભળી વોચમેન તો સ્તબ્ધ થઈ ગયો. એ ગભરાઈ ગયો. એને એમ કે ખલાસ! હવે મારી નોકરી ગઈ. એ હાથ જોડીને નીરુમાની માફી માગવા લાગ્યો અને બોલ્યો, ''હમેં માફ કરના. હમેં પતા નહીં થા કી આપ 'નીરુમા' હૈ, ઈસલિયે ગલતી હો ગઈ.''

વોચમેનનો ગભરાયેલો ચહેરો જોઈ નીરુમાએ એને ખૂબ પ્રેમથી શાબાશી આપતા કહ્યું, ''હમ

# મીઠી યાદેં



તુમ્હારી સિન્સિયારિટી પે બહોત ખુશ હે. ઐસી હી ઈમાનદારી સે કામ કહતે રહો.''

આ સાંભળી વોચમેન તો ઝૂકી જ પડ્યો.

પૂજ્ય નીરુમા સર્વોચ્ચ પદે હોવા છતાં એમની આટલી બધી લઘુતમતા અને વિનમ્રતા ખરેખર હૃદયસ્પર્શી છે.

# બાળકો સાથે પૂજ્યશ્રી હળવી પળોમાં

પ્રશ્નકર્તા : તમારા મિત્રના વાળ ધોળા થઈ ગયા છે. એમને એનું કારણ પૂછતા જવાબ મળ્યો કે મારો છોકરો પરણતો નથી તેથી એની ચિંતામાં ને ચિંતામાં ધોળા થઈ ગયા પણ દીપકભાઈ, તમારા વાળ કેમ ધોળા થઈ ગયા છે?

પૂજ્યશ્રી : મારા કોઈ છોકરા (બ્રહ્મચારી ભાઈઓ-બહેનો) પરણી ન જાય એની ચિંતામાં ધોળા થઈ ગયા છે

-------------------------------------

પ્રશ્નકર્તા : તમારી પાછળ કૂતરો પડે તો તમે શું કરો?

પૂજ્યશ્રી : કૂતરો પડી ગયો તો એને ઊભો કરું. પડેલાને ઊભો કરવો એટલું જ મારું કામ છે. પાડવાનું કામ મારું નથી.

----------------

પ્રશ્નકર્તા : દીપકભાઈ, તમે કોઈ દિવસ ચાલતી ટ્રેનમાં ચડ્યા છો ?

પૂજયશ્રી : હા, ચડ્યો છું, દાદાની ટ્રેનમાં.

------------------------------

પ્રશ્નકર્તા : તમને જાદુઈ દીવો મળે તો તમે શું કરો ?

પૂજયશ્રી : દાદાને અને નીરુમાને વહેલા બોલાવી લઉં અને મોટું વિમાન બોલાવી બધાને એમાં બેસાડી સીમંધર સ્વામી પાસે લઈ જાઉં. કોઈને બાકી ના રાખું. કોઈની ઈચ્છા હોય કે ના હોય, બધાને બેસાડી દેવાના.

------------------------------

પ્રશ્નકર્તા : તમારું મનપસંદ પદ કયું છે ?

પૂજ્યશ્રી : શુદ્ધાત્માનું

પ્રશ્નકર્તા: એમ નહીં, મન પસંદ ગાવાનું પદ કયું?

પૂજયશ્રી : દાદા ભગવાનના અસીમ જય જયકાર હો.

------------------------------

પ્રશ્નકર્તા : માનો કે તમને એક દિવસ માટે ભારતના રાષ્ટ્રપતિ બનાવે તો તમે શું કરો ?

પૂજયશ્રી : બધાંને જ્ઞાનિવિધિમાં બેસાડી દઉં.



ભરત રાજાની આ વાત છે. ઋષભદેવ ભગવાનને સો પુત્રો હતા. એમાં ભરતરાજા સૌથી મોટા પુત્ર હતા. ભરત, ચક્રવર્તી રાજા કહેવાતા. ચક્રવર્તી રાજા એટલે જેના વૈભવ-વિલાસની કોઈ સીમા જ ન હોય. સંસાર સંબંધી બધા જ પ્રકારના સુખો એમને પ્રાપ્ત હોય. એમની અશ્વશાળામાં અનેક પ્રકારના ચતુર અને તેજી ઘોડા હતા. ગજશાળામાં તાકાતવર હાથીઓ હતા. એમની યશકીર્તી ચારે તરફ ફેલાયેલી હતી. એમને કોઈ દુશ્મન હરાવી શકે તેમ ન હતું. તેઓનું રૂપ, કાંતિ અને સૌંદર્ય મનોહર હતા. એમના અંગમાં મહાન બળ અને શકિત ઉછળતા હતા.

જૈના વૈભવ-વિલાસ, શકિત, સૈન્યદળ, નગરની કોઈ તુલના જ ના કરી શકાય તેવા રાજ રાજેશ્વર ભરત એક દિવસ પોતાના સુંદર મહેલના અરીસા ભુવનમાં મનોહર સિંહાસન પર વસ્ત્રો અને આભૂષણો (ઘરેણાં)થી સુશોભિત થઈ બેઠા હતા. અરીસા ભુવન એટલે આપણો ડ્રેસીંગ રૂમ જયાં આપણે તૈયાર થઈએ. આપણા ડ્રેસીંગ રૂમમાં તો એક જ અરીસો હોય, જયારે આ તો ચક્રવર્તી રાજા ભરતનો ડ્રેસીંગ રૂમ એટલે આખો ભવન અરીસાથી જ ભરેલો હતો. જયાં જોઈએ ત્યાં આપણું પ્રતિબિંબ દેખાય. હવે આ અરીસા ભુવનમાં બેસી રાજા અરીસામાં પોતાને જોઈ રહ્યા હતા. તેવામાં એમની દષ્ટિ એમના જમણા હાથની ત્રીજી આંગળી પર પડી. આંગળી શોભા વિનાની કેમ દેખાય છે? જોતાં ખ્યાલ આવ્યો કે આંગળીમાંથી વીંટી સરી પડી છે. તેઓ વિચારવા લાગ્યા કે,'વીંટીના આધારે આંગળીની શોભા છે કે આંગળીના આધારે વીંટીની શોભા છે ?' આમ વિચારતા વિચારતા ધીમે ધીમે એમણે બાકીની નવ આંગળીઓમાંથી વીંટી કાઢી લીધી. પછી જોયું તો વીંટીઓ વિના આંગળીઓ જોવી એ ગમતી ન હતી. એ જોઈ ભરતરાજા વિચારવા લાગ્યા,' અહો ! આ કેવી વિચિત્રતા છે ? સોનાની ધાતુ ટીપીને આ વીંટી બની છે અને એ વીંટી વડે મારી આંગળી સુંદર દેખાય છે. અને આંગળીમાંથી વીંટી નીકળી પડતા આ

# ઐતિહાસિક ગૌરવગાથાઓ



આંગળીઓની શોભા ઓછી થઈ ગઈ. આ આંગળી વડે હાથ શોભે છે અને એ હાથ વડે આ શરીર શોભા પામે છે. ત્યારે એમાં હું શોભા કોની ગણું ? મારા દેહની કે વીંટીની ?' તેઓ અતિ વિસ્મય પામ્યા અને અવિરત વિચારણા ચાલુ થઈ ગઈ.

'જે શરીરને હું મારું માનું છું તે શરીર માત્ર વસ્ત્ર અને આભૂષણોના કારણે જ શોભે છે. મારા શરીરની તો કોઈ શોભા જ નહીં ? સાચી જ તો વાત છે. શોભા હોય પણ ક્યાંથી ? આ શરીર તો માત્ર લોહી, પરુ, હાડ અને માંસનો માળો જ છે. તેને હું મારું માનું છું. કેવી ભૂલ, કેવી વિચીત્રતા ! જ્યાં આ દેહ જ મારો નથી ત્યાં આ રાજ-વૈભવ કેવી રીતે મારા હોઈ શકે ? ચક્રવર્તીપણું પણ મારું ન હોય. અને આ દેહ પણ એક દિવસ મૃત્યુ પામવાનો છે. તો તેમાં મારાપણું શું



**'વીંટીના આધારે આંગળીની શોભા છે કે આંગળીના આધારે વીંટીની શોભા છે ?' આમ વિચારતા વિચારતા ધીમે ધીમે એમણે બાકીની નવ આંગળીઓમાંથી વીંટી કાઢી લીધી.**

રાખવું? અહો ! હું બહુ ભૂલી ગયો! જે શરીરથી હું આ રાજ વૈભવ-ભોગવું છું તે વસ્તુ જ મારી ના થઈ, એનાથી મોટું દુઃખ કયું કહેવાય?'


આમ વિચાર કરતાં કરતાં ભરત રાજાનો બધો મોહ ઊતરી ગયો અને વૈરાગ્ય આવ્યો. એમનું અજ્ઞાનરૂપી આવરણ દૂર થયું અને અરીસા ભુવનમાં જ એમને કેવળજ્ઞાન પ્રગટ થયું.

માટે મિત્રો,

દેહ ઉપર મોહ કરવા જેવો નથી. એને રૂપાળો કરવામાં સમય બગાડવા જેવો નહીં. એ ક્યારેય આપણો થાય એવો નથી. જ્ઞાની પુરુષ મળ્યા છે તો એમની પાસેથી આત્મા પ્રાપ્ત કરી આ દેહે મોક્ષનું કામ કાઢી લેવા જેવું છે.

# ચાલો રમીએ

૧



રસ્તો શોધો.


૨

**મિત્રો, " દાદાજી કહે છે..." પેજ નંબર ૧ - વાંચ્યા પછી ખાનામાં ખૂટતા અક્ષરો પૂરો.**

| | | | | |
|---|---|---|---|---|
| | ભ | | | ન |
| | | ત | મા | |
| આ | | | પ્રા | |
| | | ન | | ન |
| | સા | | | ણ |


| | | | |
|---|---|---|---|
| | તિ | | ચા |
| મા | | | ક |
| અ | | દા | |

| | | | | |
|---|---|---|---|---|
| | ષ | | દા | |
| | હા | | | ન |




## ૩

આપેલ ખાલી ખાનામાં ૧ થી ૯ સંખ્યા એવી રીતે ગોઠવો કે જેથી કરીને દરેક આડી અને ઊભી હરોળમાં તેમજ ૩ * ૩ ના બ્લોકમાં કોઈ એક સંખ્યા બે થી વધારે વાર ના આવવી જોઈએ.ખાનાને જોડતી > અને < નિશાનીઓ દર્શાવે છે કે આપેલી સંખ્યા બીજી સંખ્યા કરતાં અનુક્રમે મોટી અથવા નાની છે.




## ૪

નીચે આપેલ ૧૫ છોકરાઓમાંથી ૬ છોકરાઓમાં કંઈક અલગ છે, શોધી કાઢો.




## ૫

કુલ કેટલા ત્રિકોણ છે તે શોધી કાઢો.



# ચિત્રકળા સ્પર્ધાનું પરિણામ

## ૬ થી ૯ વર્ષ

**પ્રથમ ઈનામ – શ્લેશા એમ. શાહ**
**વડોદરા, ઉંમર:– ૯ વર્ષ**



**દ્વિતીય ઈનામ – ધર્મિક આર. શાહ**
**અમદાવાદ, ઉંમર:– ૮ વર્ષ**



## ૧૦ થી ૧૨ વર્ષ

**પ્રથમ ઈનામ – મનન એમ. શાહ**
**મુંબઈ, ઉંમર:– ૧૦ વર્ષ**




**દ્વિતીય ઈનામ – સિધ્ધાર્થ સી. વોરા**
**મુંબઈઉંમર:– ૧૦ વર્ષ**




## ૧૩ થી ૧૫ વર્ષ

**પ્રથમ ઈનામ – જીત એમ. શાહ**
**મુંબઈ, ઉંમર:–૧૪ વર્ષ**



**દ્વિતીય ઈનામ – વૈશાલી બી. ડોબરિયા**
**રાજકોટ,ઉંમર:–૧૪ વર્ષ**



# પઝલના જવાબો

## ૨

| | | | | |
|---|---|---|---|---|
| અ | ભ | ય | દા | ન |
| કિં | ચિ | ત | મા | ત્ર |
| જ્ઞા | ન | દા | ન | |
| સા | ધા | ર | ણ | |
| આ | નં | દ | પ્રા | પ્તિ |
| પ્ર | તિ | ક્રિ | યા | |
| મા | ન | સિ | ક | |
| અ | ન્ન | દા | ન | |
| ઔ | ષ | ધ | દા | ન |
| આ | હા | ર | દા | ન |

ચા લો ર મી એ

## ૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૯ | ૭ | ૧ | ૨ | ૮ | ૬ | ૫ | ૪ |
| ૫ | ૨ | ૧ | ૯ | ૬ | ૪ | ૭ | ૩ | ૮ |
| ૬ | ૮ | ૪ | ૩ | ૭ | ૫ | ૯ | ૨ | ૧ |
| ૨ | ૧ | ૩ | ૭ | ૮ | ૯ | ૫ | ૪ | ૬ |
| ૪ | ૭ | ૬ | ૫ | ૩ | ૨ | ૮ | ૧ | ૯ |
| ૯ | ૫ | ૮ | ૪ | ૧ | ૬ | ૨ | ૭ | ૩ |
| ૧ | ૩ | ૨ | ૮ | ૯ | ૭ | ૪ | ૬ | ૫ |
| ૭ | ૪ | ૯ | ૬ | ૫ | ૩ | ૧ | ૮ | ૨ |
| ૮ | ૬ | ૫ | ૨ | ૪ | ૧ | ૩ | ૯ | ૭ |

## ૪
૩,૬,૮,
૧૦,૧૨,૧૫

## ૫
૨૦ ત્રિકોણ

# 'પાછી પરીક્ષા'ના જવાબો

૧) મન, વાણી, વર્તન, ૨) વધે, ઘટે, ૩) ચમત્કાર, ૪) ગુરુ, ૫) ખોટ, ૬) મશ્કરી, ૭) માનવધર્મ, ૮) જન્મજયંતી, ૯) તાંતો, ૧૦) ૧૦૧મો જન્મજયંતી, ૧૧) મા-બાપ, ૧૨) અથડામણ ટાળવા, સ્પ્રીંગ, ૧૩) અભિમાન, ૧૪) એડજસ્ટ એવરીવ્હેર

Akram Express
October 2009
Year : 2, Issue : 2
Conti. Issue No.: 14

BALVIGNAN
Fun 'n' Gyan with Dada

RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/09-11
valid up to 31-12-2011
LPWP Licence No. CPMG/GJ/27/2009-2011
valid up to 31-12-2011
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 08th of every month

# સીમંધર સીટીના અનુભવો

## ઉજાની પટેલ, ન્યુજર્સી, ઉંમરઃ- ૮ વર્ષ

સીમંધર સીટીમાં રહેવાની મને ખૂબ મજા આવી હતી. ત્યાં મારા ઘણા મિત્રો બની ગયા હતા. દાદાની ૧૦૧મી જન્મજયંતિમાં મને ખૂબ મજા આવી હતી. આ વર્ષે એલ.એ.ની ગુરુપૂર્ણિમામાં પૂજ્ય દિપકભાઈને જોઈને મને જ્ઞાન માટે ખૂબ આકર્ષણ થયું હતું. દિપકભાઈએ મને બાળકોની પ્રાર્થના ગાવાનું કહ્યું હતું. તેથી હું રોજ રાત્રે સૂતા પહેલા મારા મમ્મી પપ્પા સાથે એ પ્રાર્થના ગાઈને જ સૂઉં છું. હું હંમેશા કોઈને પણ મારાથી દુઃખ ન થાય એનું ધ્યાન રાખું છું અને રોજ રાત્રે સૂતા પહેલા પ્રતિક્રમણ ચોક્કસ કરું છું. મને બીજાને સુખ(ખુશી) આપવાનું બહુ જ ગમે છે. એ આપતી વખતે મને પણ ખૂબ આનંદ થાય છે.

## સૂરજ ગૂડકા, નૈરોબી

સીમંધર સીટીનો મારો અનુભવ અદ્‌ભૂત છે. ઘણી બધી ખાસિયતોને કારણે સીમંધર સીટીને રહેવા માટે એક સુંદર જગ્યા તરીકે હું માનું છું. સીમંધર સીટી બહારની દૂનિયાથી દૂર હોવાથી ત્યાં ખૂબ જ શાંતિ અને હળવાશ અનુભવાય છે. બધા મહાત્માઓ ખૂબ જ સેવાભાવી અને નિખાલસ છે. જેના કારણે ત્યાં ઘર જેવું જ વાતાવરણ લાગે છે.

સૌથી મજાની વસ્તુ તો દિપકભાઈનો સત્સંગ છે. એમની સાદી, સરળ અને શુદ્ધ વાણી મારા જેવા કેટલાય મહાત્માઓના હ્રદયને સ્પર્શી જાય એવી છે. સીમંધર સીટીમાં દાદાની પાંચ આજ્ઞામાં રહેવાનું સરળ થઈ જાય છે. સીમંધર સીટી મને બહુ જ ગમે છે. મહાવિદેહ જવા માટેની સૌથી નજીકની જગ્યા જ એ છે.

## પરિતા ગુડકા, નૈરોબી

સીમંધર સીટી ખરેખર ખૂબ જ શાંત જગ્યા છે. ત્યાં મને આખો દિવસ ખૂબ આનંદ રહેતો હતો. સીમંધર સીટી ખૂબ જ ચોખ્ખું છે. જાણે મારું ઘર જ જોઈ લો. આથી એવું લાગે છે કે સીમંધર સીટી ફક્ત આફ્રિકા જ નહીં, દૂનિયાના બધા જ દેશોના લોકો માટે અનુકૂળ જગ્યા છે. સત્સંગ અને બીજી પ્રવૃત્તિઓના કારણે મને ત્યાં ક્યારેય કંટાળો આવ્યો ન હતો. સીમંધર સીટી મારા માટે કાયમ યાદગાર બની રહેશે. મને ફરી ત્યાં આવવાની ઈચ્છા છે.

## મીનીતા પટેલ, ન્યુજર્સી, ઉંમરઃ- ૧૨ વર્ષ

હું ત્રીજા ગ્રેડમાં ભણતી હતી જ્યારે મેં સત્સંગમાં આવવાનું શરૂ કર્યું. મને ત્યારે કંઈ જ ખબર ન હતી. ચરણવિધિમાં શું કરવાનું એ પણ ખબર ન હતી. જ્યારે હું બાળકોના સત્સંગમાં ગઈ ત્યારે મને સમજાયું કે શુદ્ધાત્મા એટલે શું અને બધામાં શુદ્ધાત્મા કેવી રીતે જોવાના. એમાં મને પ્રતિક્રમણ પણ સમજાયું. ત્યારથી હું રોજ રાત્રે સૂતા પહેલા યાદ કરી લઉં છું કે મારા મનથી, વાણીથી કે વર્તનથી કોઈને દુઃખ પહોંચ્યું છે કે નહીં અને એનું પ્રતિક્રમણ કરી લઉં છું. મારી સ્કૂલ ચાલુ હોય ત્યારે હું રોજ રાત્રે વહેલી સૂઈ જાઉં છું. તેથી મારું પ્રતિક્રમણ રહી ન જાય એ માટે હું જમ્યા પછી તરત જ પ્રતિક્રમણ શરૂ કરી દઉં છું. મારી પહેલી ગુરુપૂર્ણિમા ૨૦૦૭ - શિકાગોની હતી. એમાં મને ઘણું નવું શીખવા મળ્યું હતું. મેં દાદાની ૧૦૧મી જન્મજયંતિમાં કલ્ચરલ પ્રોગ્રામમાં પણ ભાગ લીધો હતો. મને પપેટ શો બહુ ગમ્યો હતો. સૌથી વધારે મને ઈન્ટરવ્યુ લેનારાઓને મારા અનુભવો કહેવાની બહુ મજા આવી હતી. મારું ઘર સીમંધર સીટી- એ.ટી.પી.એલ.માં છે. મને જલ્દી સીમંધર સીટીમાં આવી જવું છે. ઘણી વાર મારા દાદીમાં મારા પર ખીજાય છે. ત્યારે મને ખ્યાલમાં રહે છે કે તેઓ મીનીતાને કહે છે. હું શુદ્ધાત્મા છું. હું દિપકભાઈને જોઈને બહુ ખુશ થઈ જાઉં છું. મને બધા મહાત્માઓ બહુ ગમે છે. મને મોટી થઈને આપ્તપુત્રી બનવાની ઈચ્છા છે.

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - શ્રી ડિમ્પલભાઈ મહેતા દ્વારા અંબા ઑફસેટ - પાર્શ્વનાથ ચેમ્બર્સ, ઉસ્માનપુરા, અમદાવાદ - ૧૪ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.